દીજે દાસકું સેવના ચરણ તોરી ॥
પુણ્યઉદય હુઓ ગુરુ આજ મેરો ॥
વિવેકે લહ્યો મેં પ્રભુ દર્શ તેરો ૧૫
॥ ઇતિ શ્રીમહાવીર જિનછંદ ॥૫૨॥

૫૩ ॥ અથ ગણધરસ્તવ લિખ્યતે ॥

એકાદશ ગણધરનાં નામ ॥
પ્રહ ઉઠીને કરું પ્રણામ ॥
ઇંદ્રભૂતિ પહેલો તે જાણ ॥
અગ્નિભૂતિ બીજો ગુણખાણ ॥ ૧ ॥

વાયુભૂતિ ત્રીજો જગ સાર ॥
ગણધર ચોથો વ્યક્ત ઉદાર ॥
શાસનપતિ સુધર્માં સાર ॥
મંડિત નામે છઠ્ઠો ધાર ॥ ૨ ॥
મૌર્યપુત્ર તે સાતમો જેહ ॥
અકંપિત અષ્ટમ ગુણગેહ ॥
મુનિવર માંહે જે પરધાન ॥
અચલભ્રાત નવમો એ નામ ॥ ૩ ॥
નામ થકી હોય કોડિ કલ્યાણ ॥
દશમો મેતારજ અવિરલવાણ ॥
એકાદશમો પ્રભાસ કહેવાય ॥
સુખ સંપત્તિ જસ નામે થાય ॥૪॥
ગાયા વીર તણા ગણધાર ॥
ગુણમણિ રયણ તણા ભંડાર ॥
ઉત્તમવિજય ગુરુનો શિષ્ય ॥

રત્નવિજય વંદે નિશદિસ ॥ ૫ ॥

॥ ઇતિ ॥ ૫૩ ॥

૫૪ ॥ અથ સીમંધર જિન ચૈત્યવંદન ॥

॥ શ્રી સીમંધર વીતરાગ ॥ ત્રિભુવન તુમે ઉપગારી ॥ શ્રી શ્રેયાંસ પિતાકુલે ॥ બહુ શોભા તુમારી ॥ ૧ ॥ ધન્ય ધન્ય માતા સત્યકી ॥ જેણે જાયો જયકારી ॥ વૃષભલંછને બિરાજમાન ॥ વંદે નર નારી ॥ ૨ ॥ ધનુષ પાંચસેં દેહડી એ ॥ સોહીયે સોવન વાન ॥ કીર્ત્તિવિજય ઉવજ્ઝાયનો ॥ વિનય ધરે તુમ ધ્યાન ॥ ૩ ॥ ઇતિ ॥ ૫૪ ॥

૫૫ ॥ અથ સીમંધર જિન સ્તવન ॥

॥ પુખ્ખલવઇ વિજયે જયો રે ॥ નચરી પુંડરિગિણી સાર ॥ શ્રી સીમંધર સાહિબા રે ॥ રાય શ્રેયાંસ કુમાર ॥ ૧ ॥ જિણંદરાય ॥ ધરજો ધર્મસનેહ ॥ એ આંકણી ॥ મહોટા નહાના અંતરો રે ॥ ગિરુઆ નવિ દાખંત ॥ શશિ દરિસણ સાયર વધે રે ॥ કૈરવવન વિકસંત ॥૨॥ જિણં૦॥ ઠામ કુઠામ ન લેખવે રે ॥ જગ વરસંત જલધાર ॥ કર દોય કુસુમે વાસીયે રે ॥ છાયા સવિ આધાર ॥ ૩ ॥ જિ૦ ॥ રાય ને રંક સરિખા

ગણે રે ॥ ઉદ્યોતે શશિ સૂર ॥ ગં-
ગાજલ તે બિહું તણા રે ॥ તાપ
કરે સવિ દૂર ॥ ૪ ॥ જિ૦ ॥ સરિખા
સહુને તારવા રે ॥ તિમ તુમે છો
મહારાજ ॥ મુજશું અંતર કિમ કરો
રે ॥ બાંહે ગ્રહ્યાની લાજ ॥ ૫ ॥
જિ૦ ॥ મુખ દેખી ટીલું કરે રે ॥
તે નવિ હોય પ્રમાણ ॥ મુજરો
માને સવિ તણો રે ॥ સાહિબ તેહ
સુજાણ ॥ ૬ ॥ જિ૦ ॥ વૃષભલંછન
માતા સત્યકી રે ॥ નંદન રૂકમણી
કંત ॥ વાચક જસ એમ વિનવે રે ॥
ભયભંજન ભગવંત ॥ ૭ ॥ જિ૦ ॥
॥ ઇતિ ॥ ૫૫ ॥

૫૬ ॥ અથ સીમંધર જિન થોય ॥

॥ શ્રી સીમંધર જિનવર ॥ સુખકર સાહેબ દેવ ॥ અરિહંત સકલની ॥ ભાવ ધરી કરૂં સેવ ॥ સકલ આગમ પારગ ॥ ગણધરભાષિત વાણી ॥ જયવંતી આણા ॥ જ્ઞાનવિમલ ગુણખાણી ॥૧॥ ઇતિ॥૫૬॥

૫૭ ॥ અથ સિદ્ધાચલજીનું ચૈત્યવંદન ॥

॥ શ્રીશત્રુંજય સિદ્ધખેત્ર ॥ દીઠે દુર્ગતિ વારે॥ ભાવ ધરીને જે ચઢે ॥ તેને ભવપાર ઉતારે ॥ ૧ ॥ અનંત સિદ્ધનો એહ ઠામ ॥ સકલ તીર્થનો

રાય ॥ પૂર્વ નવાણું રિખભ દેવ ॥ જ્યાં ઠવીઆ પ્રભુ પાય ॥૨॥ સૂરજકુંડ સોહામણો ॥ કવડ જક્ષ અભિરામ ॥ નાભિ રાયા કુલમંડણો ॥ જિનવર કરૂં પ્રણામ ॥૩॥ ઇતિ॥૫૭॥

૫૮ ॥ અથ શ્રીસિદ્ધાચલજીનું સ્તવન ॥

॥ વિમલાચલ નિતુ વંદીયે ॥ કીજે એહની સેવા ॥ માનું હાથ એ ધર્મનો ॥ શિવતરુ ફલ લેવા ॥ વિ૦ ॥ ૧ ॥ ઉજ્જવલ જિનગૃહ મંડલી ॥ તિહાં દીપે ઉત્તંગા ॥ માનું હિમગિરિ વિભ્રમે ॥ આઇ અંબરગંગા ॥ વિ૦ ॥ ૨ ॥ કોઇ અનેરું જગ નહીં ॥ એ તીરથ તોલે ॥ ઇમ

શ્રીમુખ હરિ આગલે ॥ શ્રી સીમંધર બોલે ॥ વિ૦ ॥ ૩ ॥ જે સઘલાં તીરથ કહ્યાં ॥ યાત્રાફલ કહીયે ॥ તેહથી એ ગિરિ ભેટતાં ॥ શતગણું ફલ લહીયે ॥ વિ૦ ॥ ૪ ॥ જનમ સફલ હોય તેહનો ॥ જે એ ગિરિ વંદે ॥ સુજસ વિજય સંપદ લહે ॥ તે નર ચિર નંદે ॥ વિ૦ ॥ ૫ ॥

ઇતિ ॥ ૫૮ ॥

૫૮ ॥ અથ સિદ્ધાચલજીની થોય ॥

॥ પુંડરગિરિ મહિમા ॥ આગમમાં પરસિદ્ધ ॥ વિમલાચલ ભેટી ॥ લહીએ અવિચલ રિદ્ધ ॥ પંચમી ગતિ પહોતા ॥ મુનિવર કોડાકોડ ॥

દાણે તીરથે આવી ॥ કર્મવિપાક વિછોડ ॥ ૧ ॥ ઇતિ ॥ ૫૯ ॥

૬૦ ॥ અથ સામાયિક લેવાનો વિધિ ॥

॥ પ્રથમ ઉંચે આસને પુસ્તક પ્રમુખ મૂકીને શ્રાવક, શ્રાવિકા કટાસણું, મુહપત્તિ, ચરવલો લેઇ, શુદ્ધ વસ્ત્ર સહિત થઇ જગ્યા પૂંજી, કટાસણા ઉપર બેસી મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી, જમણો હાથ થાપનાજી સન્મુખ રાખી એક નવકાર ગણી પંચિંદિઅ કહી ઇચ્છામિ ખમાસમણ દેઇ ઇરિયાવહિયા, તસ્સ ઉત્તરી તથા અન્નત્થ ઊસસિએણં કહી એક લોગસ્સનો

અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક મુહપત્તિ પડિલેહું? ઇચ્છં ॥ એમ કહી મુહપત્તિ તથા અંગની પડિલેહણના પચાસ બોલ કહી, મુહપત્તિ પડિલેહીએ. પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક સંદિસાહું? ઇચ્છં ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ સામાયિક ઠાઉં? ઇચ્છં, એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી. તે વારે વડિલ કરેમિ ભંતે કહે.

પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ ॥ બેસણે સંદિસાહું? ઇચ્છં ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ બેસણે ઠાઉં ? ઇચ્છં ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ સજઝાય સંદિસાહું? ઇચ્છં ॥ ખમા૦ ॥ ઇચ્છા૦॥ સજઝાય કરૂં ? ઇચ્છં ॥ એમ કહી ત્રણ નવકાર ગણવા ॥ પછી બે ઘડી સજઝાય ધર્મધ્યાન કરવું ॥ ઇતિ સામાયિક લેવાનો વિધિ સમાપ્ત ॥૬૦॥

૬૧ ॥ અથ સામાયિક પારવાનો વિધિ ॥

॥ ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ સુધી કહી ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ મુહપત્તિ પડિલેહું કહી મુહપત્તિ

પડિલેહી, ખમાસમણ દેઇ ॥ ઇચ્છા૦ ॥ સામાયિક પારૂં ॥ યથા-શક્તિ ॥ વલી ખમા૦ ॥ ઇચ્છા૦॥ સામાયિક પારયું ॥ તહત્તિ કહી પછી જમણો હાથ ચરવલા ઉપર અથવા કટાસણા ઉપર સ્થાપી એક નવકાર ગણી "સામાઇયવયજુત્તો" કહીએ ॥ પછી જમણો હાથ થાપ-નાજી સામો સવલો રાખીને એક નવકાર ગણીએ ॥ ઇતિ સામાયિક પારવાનો વિધિ સમાપ્ત ॥ ૬૧ ॥

૬૨ ॥ અથ પડિલેહણ કર-વાનો વિધિ ॥

॥ નવકાર પંચિંદિઅ કહી, ઇરિ-યાવહિયાએ કહેવું. થાપના હોય તો

નવકાર પંચિંદિઅ ન કેહેવા. પછી તસ્સ ઉત્તરી કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી, ઉભે પગે બેસી મુહપત્તિ, ચરવલો, કટાસણું, ઉત્તરાસણ, ધોતીયું, કંદોરા આદિનું પડિલેહણ કરવું. પછી કાજો કાઢી જીવ કલેવર સચિત્ત આદિ જોવું. પછી થાપનાજી સામા ઉભા રહી ઇરિયાવહિ પડિક્કમી કાજો પરઠ-વવા જગ્યા શોધી ત્રણ વાર 'અણુ-જાણહ જસ્સગ્ગો' કેહેવું. પછી કાજો પરઠવીને ત્રણ વાર "વોસિરે" કહે ॥ ઇતિ પડિલેહણ કરવાનો વિધિ સમાપ્ત ॥ ૬૨ ॥

૯૩ ॥ અથ દેવ વાંદવાનો વિધિ ॥

॥ પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવાથી માંડીને યાવત્ લોગસ્સ કહી, પછી ઉત્તરાસણ નાખી, "ચૈત્યવંદન, નમુથ્થુણં" કહી "જય વીયરાય આભવમખંડા" સુધી અડધા કહેવા ॥ વલી ફરી "ચૈત્યવંદન" કહીને "નમુથ્થુણં" કહી, યાવત્ ચાર થોયો કહીએ. વલી "નમુથ્થુણં" કહી બીજી ચાર થોયો કહે, ત્યાંસુધી બધું કહેવું. પછી "નમુથ્થુણં તથા બે "જાવંતિ" કહી સ્તવન કહી અડધા "જય વીયરાય આભવમખંડા" સુધી કહી, પછી "ચૈત્ય-

વંદન" કહી "નમુથ્થુણં" કહી આખા "જય વીયરાય" કહેવા ॥ સવારે દેવ વાંદવા તેમાં "મણ્હ જિણાણં" ની સજઝાય કહેવી. મધ્યાહ્ને તથા સાંજે દેવ વાંદે તેમાં સજઝાય ન કહે ॥ ઇતિ ॥ ૬૩ ॥

૬૪ ॥ અથ દેવસિ પ્રતિક્રમણ વિધિ ॥

૧ પ્રથમ સામાયિક લીજે ॥

૨ પછી પાણી વાવર્યું હોય તો મુહપત્તિ પડિલેહવી ॥

૩ આહાર વાવર્યો હોય તો વાંદણાં બે દેવાં. ત્યાં બીજા વાંદણામાં "આવસ્સિઆએ" એ પાઠ ન કહેવો ॥

૪ યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું॥

૫ ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ કહી વડેરા અથવા પોતે ચૈ-ત્યવંદન કહીને પછી જં કિંચિ કહી,

૬ નમુથ્થુણં કહી ઉભા થઇને અરિહંતચેઇયાણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી ન-મોऽર્હત્૦ ॥ કહીને પ્રથમ થોય કહેવી ॥ પછી

૭ લોગસ્સ કહેવો. સવ્વલોએ અ-રિહંતચેઇયાણં કહીને એક નવ-કારનો કાઉસ્સગ્ગ પારીને બીજી થોય કહેવી ॥ પછી

૮ પુખ્ખરવરદી કહી સુઅસ્સ

ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી થોય કહેવી ॥ પછી

૯ સિદ્ધાણં બુદ્ધાણં કહી ॥ વેયાવચ્ચગરાણં૦ ॥ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી ॥

૧૦ પછી બેસી હાથ જોડીને નમુથ્થુણં કહેવું ॥ પછી

૧૧ ચાર ખમાસમણ દેવાપૂર્વક ભગવાન્, આચાર્ય, ઉપાધ્યાય,

સર્વ સાધુ પ્રત્યે થોભવંદન
કરીએ ॥ પછી

૧૨ ઇચ્છાકારેણ૰ દેવસિ પ્રતિક્ર-
મણે ઠાઉં ? એમ કહી જમણો
હાથ ચરવલા કટાસણા ઉપર
થાપીને ઇચ્છં સવ્વસ્સવિ દે-
વસિઅં૰ કહેવું ॥ પછી

૧૩ ઉભા થઇને કરેમિભંતે૰ ઇ-
ચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો
મે દેવસિઓ૰ તસ્સ ઉત્તરી૰
કહી પછી

૧૪ અતિચારની આઠ ગાથાનો કા-
ઉસ્સગ્ગ કરવો ॥ આઠ ગાથા ન
આવડે તો આઠ નવકારનો કા-
ઉસ્સગ્ગ કરવો. તે પારીને પછી

૧૫ લોગસ્સ કહેવો ॥ બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં ॥

૧૬ પછી ઉભા થઇને ઇચ્છાકા૦ ॥ દેવસિઅં આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે દેવસિઓ કહીને

૧૭ સાત લાખ કહેવા ॥ પછી અઢાર પાપસ્થાનક આલોઇને

૧૮ સવ્વસ્સવિ દેવસિઅં૦ કહી

૧૯ બેસીને એક નવકાર ગણી કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિક્કમિઉં કહી,

૨૦ વંદિત્તુ કહીને વાંદણાં બે દેવાં ॥ પછી

૨૧ અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર દેવ-
સિઅં ખામીને વાંદણાં બે
દેવાં ॥ પછી ઉભા થઇને

૨૨ આયરિય ઉવજ્ઝાએ કહીને
કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ
કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦
કહી તસ્સ ઉત્તરી૦ કહી, પછી

૨૩ બે લોગસ્સનો અથવા આઠ
નવકારનો કાઉસ્સગ્ગ પારીને

૨૪ લોગસ્સ કહેવો. સવ્વલોએ
અરિહંતચેઇયાણં કહી એક લો-
ગસ્સ અથવા ચાર નવકારનો
કાઉસ્સગ્ગ પારીને

૨૫ પુખ્ખરવરદ્દી૦ સુઅસ્સ ભગ-
વઓ કરેમિ૦ વંદણ૦ અન્ન-

થ્થ૦ કહી એક લોગસ્સ અથ-
વા ચાર નવકારનો કાઉસ્સગ્ગ
પારીને

૨૬ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી સુઅ-
દેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં
અન્નત્થ૦ કહી એક નવકા-
રનો કાઉસ્સગ્ગ પારી નમોડ-
ર્હત્૦ કહી પુરૂષે સુઅદેવયાની
થોય અને સ્ત્રીએ કમલદલની
થોય કહેવી ॥ પછી

૨૭ ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સ-
ગ્ગં૦ કહી એક નવકારનો કા-
ઉસ્સગ્ગ પારી નમોડર્હત્૦
કહી ક્ષેત્રદેવતાની થોય સ્ત્રી-
એ તથા પુરૂષે કહેવી ॥ પછી

૨૮ પ્રગટ એક નવકાર ગણી બે-
સીને

૨૯ છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ
પડિલેહી બે વાંદણાં દીજે ॥
પછી

૩૦ સામાયિક, ચઉવ્વિસથ્થો, વં-
દનક, પડિક્કમણું, કાઉસ્સગ્ગ,
પચ્ચખ્ખાણ કર્યું છેજી, એ
છ આવશ્યક સંભારવાં ॥ પછી

૩૧ ઇચ્છામો અણુસઠ્ઠિં નમો
ખમાસમણાણં નમોઽર્હત્૦
કહીને પુરૂષ નમોઽસ્તુ વર્દ્ધ-
માનાય કહે અને સ્ત્રી સંસાર-
દાવાની ત્રણ થોયો કહે ॥ પછી

૩૨ નમુથ્થુણં કહી સ્તવન કહેવું ॥ પછી

૩૩ વરકનક કહી ભગવાન્ આદિ વાંદવા ॥ પછી

૩૪ જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી અડ્ઢાઇજ્જેસુ૰ કહેવું ॥ પછી

૩૫ દેવસિય પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ૰ ચાર લોગસ્સનો અથવા સોલ નવકારનો કરવો. તે કાઉસ્સગ્ગ પારી, પછી

૩૬ પ્રગટ લોગસ્સ કહી બેસીને

૩૭ ખમાસમણ બે દેઇ સજ્ઝાયનો આદેશ માગી એક નવકાર ગણી સજ્ઝાય કહીએ ॥

પછી એક નવકાર ગણીએ ॥

૩૮ પછી દુઃખખ્ખઓ કમ્મખ-
ઓનો કાઉસ્સગ્ગ સંપૂર્ણ ચાર
લોગસ્સનો અથવા સોલ નવ-
કારનો કરવો ॥ એક વડેરે
અથવા પોતે પારીને નમોઽ-
ર્હત્૦ કહી લઘુશાંતિ કેહેવી ॥
પછી

૩૯ પ્રગટ લોગસ્સ કેહેવો ॥ પછી

૪૦ ઇરિયાવહિ તસ્સ ઉત્તરી કહી
એક લોગસ્સ અથવા ચાર નવ-
કારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ
લોગસ્સ કેહેવો ॥

૪૧ પછી ચઉક્કસાય નમુથ્થુણં કહી
જાવંતિ બે કહી ઉવસગ્ગહરં૦

જય વીયરાય કહી ॥ મુહપત્તિ પડિલેહવી ॥ ઇચ્છામિ૦ ઇ-ચ્છાકા૦ સામાયિક પારૂં ॥ યથાશક્તિ ॥ ઇચ્છામિ૦ ઇચ્છા-કા૦ સામાયિક પાર્યું ॥ તહ-ત્તિ કહી પછી

૪૨ જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી એક નવકાર ગણીને સામાઇયવયજુત્તો કહેવો ॥ પછી

૪૩ થાપેલી થાપના હોય તો એક નવકાર ગણી ઉઠે ॥ ॥ ઇતિ દેવસિ પ્રતિક્રમણ વિધિઃ ॥ બાકી અંતર્વિધિ વડેરાથી સમજવો ॥ ૬૪ ॥

૬૫ ॥ રાઇ પ્રતિક્રમણ વિધિઃ ॥

૧ પ્રથમ પૂર્વ રીતે સામાયિક લીજે ॥ પછી

૨ કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો અથવા સોલ નવકારનો કરી પારી પ્રગટ લોગસ્સ કહેવો ॥ પછી

૩ ખમાસમણ દેઇ જગચિંતામણિનું ચૈત્યવંદન જય વીયરાય સુધી કહેવું ॥ પછી

૪ ચાર ખમાસમણ દેઇ ભગવાન્, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ પ્રત્યે વાંદવા ॥ પછી

૫ ખમાસમણ બે દેઇ સજ્ઝાયનો આદેશ માગી એક નવ-

કાર ગણીને ભરહેસરની સ-
જ્ઝાય કહીને નવકાર એક
ગણવો ॥ પછી

૬ ઇચ્છાકાર સુહરાઇનો પાઠ
કેહેવો ॥ પછી ઇચ્છાકા૦ ॥
રાઇ પ્રતિક્રમણે ઠાઉં કહીને
જમણો હાથ ઉપધિ ઉપર
સ્થાપીને પછી

૭ ઇચ્છં સવ્વસ્સવિ રાઇય દુચ્ચિં-
તિય૦ કહીએ ॥ પછી

૮ નમુથ્થુણં, કરેમિ ભંતે કહી
ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૦
તસ્સ ઉત્તરી કહી એક લોગ-
સ્સનો અથવા ચાર નવકારનો
કાઉસ્સગ્ગ પારી

૯ પ્રગટ લોગસ્સ કહી સવ્વ-
લોએ અરિહંત૦ કહી એક
લોગસ્સ અથવા ચાર નવકા-
રનો કાઉસ્સગ્ગ કરવો ॥ પછી

૧૦ પુખ્ખરવરદી૦, સુઅસ્સ૦, વં-
દણ૦ કહી અતિચારની આઠ
ગાથાનો અથવા આઠ નવકા-
રનો કાઉસ્સગ્ગ પારી

૧૧ સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા
આવશ્યકની મુહપત્તિ પડિ-
લેહી વાંદણાં બે દેવાં. તિ-
હાંથી તે અપ્ભુઠ્ઠિઓ ખામી
વાંદણાં બે દીજે તિહાં સુધી
દેવસિની રીતે, પણ જે ઠેકાણે

દેવસિયં આવે છે, તે ઠેકાણે રાઇયં કહેવું ॥ પછી

૧૨ આયરિઅ ઉવજ્ઝાએ, કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, તસ્સ ઉત્તરી કહી તપ ચિંતવણીનો ચાર લોગસ્સનો અથવા સોલ નવકારનો કાઉસ્સગ્ગ કરવો ॥ તે પારીને

૧૩ પ્રગટ લોગસ્સ કહી પછી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં ॥ તે પછી

૧૪ તીર્થવંદન કરવું ॥ પછી

૧૫ યથાશક્તિએ પચ્ચખ્ખાણ કરવું ॥ પછી

૧૬ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ચઉવ્વિસથ્થો, વંદનક, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચખ્ખાણ કરચું છેજી, એ ૬ આવશ્યક સંભારવાં ॥ પછી પચ્ચખ્ખાણ કર્યું હોય તો કર્યું છેજી કહેવું, ધાર્યું હોય તો ધાર્યું છેજી એમ કહેવું ॥ પછી ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમોઽર્હત્૦ કહીને પછી

૧૭ વિશાલલોચન કહીને નમુથ્થુણં કહી અરિહંતચેઇયાણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્૦ કહી કલ્લા-

ણુકેદંની પ્રથમ થોય કહેવી ॥
પછી

૧૮ લોગસ્સ, પુખ્ખરવરદ્દી સિ-
દ્ધાણં બુદ્ધાણં કહી અનુક્રમે
ચાર થોયો કહીએ છીએ,
તિહાં સુધી સર્વ કહેવું ॥ પછી

૧૯ નમુથ્થુણં કહી ભગવાન્ આદિ
ચારને ચાર ખમાસમણે વાં-
દવા ॥ પછી

૨૦ જમણો હાથ ઉપધિ ઉપર
થાપી અડ્ઢાઇજ્જેસુ કહેવું ॥
પછી

૨૧ સીમંધરસ્વામીનું ચૈત્યવંદન,
સ્તવન, જય વીયરાય, કાઉ-
સ્સગ્ગ થોય પર્યંત કરવું ॥ પછી

૨૨ ખમાસમણુપૂર્વક શ્રીસિદ્ધાચલજીનું ચૈત્યવંદન, સ્તવન, જય વીયરાય, કાઉસ્સગ્ગ થોય કહીએ ત્યાં સુધી કરવું ॥ પછી

૨૩ સામાયિક પારવાના વિધિની રીતે સામાયિક પારવા સુધી કરવું ॥ ॥ ઇતિ રાઇ પ્રતિક્રમણનો વિધિ ॥ ૬૫ ॥

૬૬ ॥ અથ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ ॥

૧ પ્રથમ ઇરિયાવહિયાએ પડિક્કમીએ, યાવત્ જગચિંતામણિનું ચૈત્યવંદન જય વીયરાય સુધી કરવું ॥

૨ પછી મન્નહ જિણાણંની સ-
જ્ઝાય કહી મુહપત્તિ પડિલે-
હવી ॥ પછી ઇચ્છામિ૦ ॥
ઇચ્છા૦ પચ્ચખ્ખાણ પારૂં ॥
યથાશક્તિ ॥ ઇચ્છામિ૦
ઇચ્છા૦ ॥ પચ્ચખ્ખાણ પા-
ર્યું ॥ તહત્તિ ॥ એમ કહી
જમણો હાથ કટાસણા અથવા
ચરવલા ઉપર થાપી એક
નવકાર ગણી પચ્ચખ્ખાણ
કર્યું હોય તે કહી પારવું, તે
લખીએ છીએ ॥

૩ ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં
પોરિસિં સાડ્ઢપોરિસિં ગંઠિસ-
હિઅં મુઠ્ઠિસહિઅં પચ્ચ-

ખ્ખાણ કર્યું, ચઉવ્વિહાર,
આંબિલ, નિવિ, એકાસણું,
બેઆસણું કર્યું, તિવિહાર
પચ્ચખાણ ફાંસિઅં[૧], પાલિઅં[૨],
સોહિઅં[૩], તીરિઅં[૪], કિટ્ટિઅં[૫],
આરાહિઅં[૬] ॥ જં ચ ન આરા-
હિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં ॥
ઇતિ ॥ ૬૬ ॥

અથ પ્રભાતનાં પચ્ચખ્ખાણ.

૬૭ ॥ અથ નમુક્કારસહિઅં મુઠ્ઠિસહિઅંનું ॥

॥ ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં મુઠ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ ॥ ચઉવ્વિ-
હંપિ આહારં અસણં પાણં ખાઇમં

સાઇમં અન્નત્થણાભોગેણં[૧], સહસાગારેણં[૨], મહત્તરાગારેણં[૩], સવ્વસમાહિવત્તિયાગારેણં[૪] વોસિરે ॥ ઇતિ પહેલું પચ્ચખ્ખાણ ॥ ૬૭ ॥

૬૮ ॥ અથ પોરિસિં સાડ્ઢ-પોરિસિંનું ॥

॥ ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાડ્ઢપોરિસિં મુઠ્ઠિસહિઅં પચ્ચખાઇ ॥ ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં[૧], સહસાગારેણં[૨], પચ્છન્નકાલેણં[૩], દિસામોહેણં[૪], સાહુવયણેણં[૫], મહત્તરાગારેણં[૬], સવ્વસમાહિવત્તિયાગારેણં[૭] વોસિરે ॥ ઇતિ ॥ ૬૮ ॥

અથ સાંઝનાં પચ્ચખાણ.

૬૯ ॥ અથ ચઉવ્વિહારનું ॥

॥ દિવસચરિમં પચ્ચખ્ખાઇચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે ॥ ઇતિ ॥ ૬૯ ॥

૭૦ ॥ અથ તિવિહારનું ॥

॥ દિવસ ચરિમં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે॥ઇતિ॥૭૦॥

૭૧ ॥ અથ દુવિહારનું ॥

॥ દિવસ ચરિમં પચ્ચખ્ખાઇ દુ-
વિહંપિ આહારં અસણં ખાઇમં
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મ-
હત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયા-
ગારેણં વોસિરે ॥ ઇતિ ॥ ૭૧ ॥

૭૨ ॥ અથ ક્રોધની સજઝાય ॥

॥ કડવાં ફલ છે ક્રોધનાં, જ્ઞાની
એમ બોલે ॥ રીસ તણો રસ જાણી-
યે, હાલાહલ તોલે ॥ ક૦ ॥ ૧ ॥
ક્રોધે કોડિ પૂરવ તણું, સંયમફલ
જાય ॥ ક્રોધ સહિત જે તપ કરે, તે
તો લેખે ન થાય ॥ ક૦ ॥ ૨ ॥
સાધુ ઘણો તપીયો હતો, ધરતો
મન વૈરાગ ॥ શિષ્યના ક્રોધ થકી

થયો, ચંડકોશિયો નાગ ॥ ક૦ ॥૩॥
આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર
બાલે ॥ જલનો જોગ જો નવિ મલે,
તો પાસેનું પ્રજાલે ॥ ક૦ ॥ ૪ ॥
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવ-
લનાણી ॥ હાણિ કરે જે હેતની,
જાલવજો ઇમ જાણી ॥ ક૦ ॥ ૫ ॥
ઉદયરતન કહે ક્રોધને, કાઢજો ગલે
સાહી ॥ કાયા કરજો નિર્મલી, ઉપ-
શમ રસ નાહી ॥ ક૦ ॥ ૬ ॥
ઇતિ ॥ ૭૨ ॥

૭૩ ॥ અથ સ્નાતસ્યાની સ્તુતિ ॥

॥ સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરૂશિખરે,
શચ્યા વિભોઃ શૈશવે ॥ રૂપાલોકન-

વિસ્મયાહૃતરસભ્રાંત્યા ભ્રમચ્ચક્ષુ-
ષા ॥ ઉન્મૃષ્ટં નયનપ્રભાધવલિતં
ક્ષીરોદકાશંકયા, વક્ત્રં યસ્ય પુનઃ
પુનઃ સ જયતિ શ્રીવર્ધમાનો જિનઃ
॥ ૧ ॥ હંસાંસાહતપદ્મરેણુકપિશા-
ક્ષીરાર્ણવાંભોભૃતૈઃ, કુંભૈરપ્સરસાં
પયોધરભરપ્રસ્પર્દ્ધિભિઃ કાંચનૈઃ ॥
યેષાં મંદરરત્નશૈલશિખરે જન્માભિ-
ષેકઃ કૃતઃ, સર્વૈઃ સર્વસુરાસુરેશ્વર-
ગણૈસ્તેષાં નતોઽહં ક્રમાન્ ॥ ૨ ॥
અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદ-
શાંગં વિશાલં, ચિત્રં બહ્વર્થયુક્તં
મુનિગણવૃષભૈર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ ॥
મોક્ષાગ્રદ્વારભૂતં વ્રતચરણફલં જ્ઞેય-
ભાવપ્રદીપં, ભક્ત્યા નિત્યં પ્રપદ્યે

શ્રુતમહમખિલં સર્વલોકૈકસારં ॥૩॥
નિષ્પંકવ્યોમનીલદ્યુતિમલસદૃશં બા-
લચંદ્રાભદંષ્ટ્રં, મત્તં ઘંટારવેણ
પ્રસૃતમદજલં પૂરયંતં સમંતાત્ ॥
આરૂઢો દિવ્યનાગં વિચરતિ ગગને
કામદઃ કામરૂપી, યક્ષઃ સર્વાનુભૂતિ-
ર્દિશતુ મમ સદા સર્વકાર્યેષુ સિદ્ધિં
॥ ૪ ॥ ઇતિ ॥ ૭૩ ॥

૭૪ સીમંધર જિન સ્તવન.

॥ સુણો ચંદાજી, સીમંધર પર-
માતમ પાસે જાજો ॥ મુજ વિન-
તડી, પ્રેમ ધરીને એણી પરે તુમે
સંભલાવજો ॥ એ આંકણી ॥ જે
ત્રણ ભુવનનો નાયક છે ॥ જસ
ચોસઠ ઇંદ્ર પાયક છે ॥ નાણ દરિ-

સણ જેહને ખાયક છે ॥ સુણો૦ ॥ ૧ ॥ જેની કંચનવર્ણી કાયા છે॥ જસ ધોરી લંછન પાયા છે ॥ પુંડરીગિણિ નગરીનો રાયા છે ॥ સુણો૦ ॥ ૨ ॥ બાર પર્ષદા માંહિ બિરાજે છે ॥ જસ ચોત્રીશ અતિશય છાજે છે ॥ ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે ॥ સુણો૦ ॥ ૩ ॥ ભવિજનને તે પડિબોહે છે ॥ તુમ અધિક શીતલ ગુણ સોહે છે ॥ રૂપ દેખી ભવિજન મોહે છે ॥ સુણો૦ ॥ ૪ ॥ તુમ સેવા કરવા રસીયો છું ॥ પણ ભરતમાં દૂરે વસીયો છું ॥ મહા મોહરાય કર ફસીયો છું ॥ સુણો૦ ॥ ૫ ॥ પણ સાહિબ

ચિત્તમાં ધરીયો છે ॥ તુમ આણા-
ખડ્ગ કર ગ્રહીયો છે ॥ પણ કાંઇક
મુજથી ડરીયો છે ॥ સુણો૦ ॥ ૬ ॥
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો ॥ કહે
પદ્મવિજય થાઉં શૂરો ॥ તો વાધે
મુજ મન અતિ નૂરો ॥ સુણો૦ ૭૪

૭૫ ॥ અથ સીમંધર જિન
સ્તવન ॥

॥ ધન્ય ધન્ય ખેત્ર મહાવિદેહ
જી, ધન્ય પુંડરીગિણિ ગામ ॥ ધન્ય
તિહાંનાં માનવી જી, નિત્ય ઉઠી કરે
રે પ્રણામ ॥ સીમંધર સ્વામી,
કઇયે રે હું મહાવિદેહ આવીશ,
જયવંતા જિનવર, કઇયે રે હું તુ-
મને વાંદીશ સી૦ ॥ ૧ ॥ ચાંદલીયા

સંદેશડો જી, કહેજો સીમંધર સ્વા-
મ ॥ ભરત ક્ષેત્રનાં માનવી જી,
નિત્ય ઉઠી કરે રે પ્રણામ ॥ સી૦
॥ ૨ ॥ સમવસરણ દેવે રચ્યું
તિહાં, ચોસઠ ઇંદ્ર નરેશ ॥ સોના
તણે સિંહાસન બેઠા, ચામર છત્ર
ધરેશ ॥ સી૦ ॥ ૩ ॥ ઇંદ્રાણી કાઢે
ગહુંઅલી જી, મોતીના ચોક પૂરે-
શ ॥ લલી લલી લીયે લૂંછણાં જી,
જિનવર દીયે ઉપદેશ ॥ સી૦
॥ ૪ ॥ એહવે સમે મેં સાંભલ્યું
જી, હવે કરવાં પચ્ચખ્ખાણ ॥ પોથી
ઠવણી તિહાં કને જી, અમૃત-
વાણી વખાણ ॥ સી૦ ॥ ૫ ॥
રાયને વહાલા ઘોડલા જી, વેપા-

રીને વહાલા છે દામ ॥ અમને વહાલા સીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ ॥ સી૦ ॥ ૬ ॥ નહીં માગું પ્રભુ રાજ ઋદ્ધિ જી, નહીં માગું ગરથ ભંડાર ॥ હું માગું પ્રભુ એટલું જી, તુમ પાસે અવતાર ॥ સી૦ ॥ ૭ ॥ દૈવે ન દીધી પાંખડી જી, કેમ કરી આવું રે હજૂર ॥ મુજરો મહારો માનજો જી, પ્રહ ઉગમતે સૂર ॥ સી૦ ॥ ૮ ॥ સમયસુંદરની વિનતિ જી, માનજો વારંવાર॥ બે કર જોડી વિનવું જી, વિનતડી અવધાર ॥ સી૦ ॥ ૯ ॥ ઇતિ ॥૭૫॥

૭૬ સીમંધર જિન ચૈત્યવંદન.

॥ શ્રીસીમંધર જગધણી, આ

ભરતે આવો ॥ કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો ॥ ૧ ॥ સકલ ભકત તુમે ધણી એ, જો હોવે અમ નાથ ॥ ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ ॥ ૨ ॥ સયલ સંગ છંડી કરી એ, ચારિત્ર લેઇશું ॥ પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું ॥ ૩ ॥ એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ ॥ ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ ॥ ૪ ॥ ઇતિ ॥ ૭૬ ॥

૭૭ ॥ અથ ચૈત્યવંદન પ્રારંભઃ ॥

॥ આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ ॥ જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરૂં પ્ર-

ણામ ॥ ૧ ॥ શેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર ॥ તારંગે શ્રી અજિતનાથ, આબુ ઋષભ જુહાર ॥ ૨ ॥ અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશી જોય ॥ મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય ॥ ૩ ॥ સમેતશિખર તીરથ વડું, જિહાં વીશે જિનપાય ॥ વૈભારક ગિરિ ઉપરે, શ્રીવીર જિનેશ્વર રાય ॥ ૪ ॥ માંડવગઢનો રાજીયો, નામે દેવસુ-પાસ ॥ ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ ॥ ૫ ॥ ઇતિ ૭૭ ॥

૭૮ અથ સીમંધર જિનસ્તુતિ

॥ મહાવિદેહ ખેત્રે સીમંધર સ્વા-મી, સોનાનાં સિંહાસન જી ॥ રૂપા-

નાં કોશીશાં બિરાજે, રત્નના દીવા દીપે જી ॥ ૧ ॥ કુંકુમવર્ણી ગહુંલી બિરાજે, મોતીના અક્ષત સાર જી ॥ ત્યાં બેઠા સીમંધર સ્વામી, બોલે મધુરી વાણી જી ॥ ૨ ॥ કેશર ચંદન ભરી રે કચોલાં, કસ્તુરી બરાસ જી ॥ પહેલી રે પૂજા અમારી રે હોજો, ઉગમતે પરભાત જી ॥ ૩ ॥
॥ ઇતિ ॥ ૭૮ ॥

૭૯ ॥અથ શ્રીશત્રુંજય સ્તુતિ॥

॥ શ્રીશત્રુંજય ગિરિ તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકુર રામ અપાર ॥ મંત્ર માંહે નવકાર-જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જલમાં જાણું ॥ પંખી-

માં જેમ ઉત્તમ હંસ, કલુ માંહે જેમ ઋષભનો વંશ, નાભિ તણો જે અંશ ॥ ક્ષમાવંત માંહે જેમ અરિહંતા, તપશૂરા મુનિવર મહંતા, શત્રુંજય ગિરિ ગુણવંતા ॥ ૧ ॥ ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પૂનમ ચંદા, પદ્મપ્રભ સુખકંદા ॥ શ્રીસુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ, વાસુપૂજ્ય મતિ શુદ્ધિ ॥ વિમલ અનંત જિન ધર્મ એ શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ, મુનિસુવ્રત શુદ્ધપંથી ॥ નમિ પાસ ને વીર ચોવીશ, નેમ વિના એ જિન ત્રેવીશ, સિદ્ધગિરિ આવ્યા ઈશ ॥ ૨ ॥ ભરતરા-

ય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજ-
ય ગિરિ કોણ તોલે, જિનનું વચન
અમોલે ।। ઋષભ કહે સુણો ભર-
તરાય, છહરી પાલંતા જે નર જાય,
પાતક ભૂકો થાય ।। પશુ પંખી જે
ઇણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિ-
દ્ધજ થાવે, અજરામર પદ પાવે ।।
જિનમતમેં શેત્રુંજો વખાણ્યો, તે મેં
આગમ દિલ માંહે આણ્યો, સુણ-
તાં સુખ ઉર આણ્યો ।। ૩ ।। સંઘ-
પતિ ભરત નરેસર આવે, સોવન
તણા પ્રાસાદ કરાવે, મણિમય મૂ-
રતિ ઠાવે ।। નાભિ રાયા મરૂદેવી મા-
તા, બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યા-
તા, મૂર્ત્તિ નવાણું ભ્રાતા ।। ગોમુખ

ને ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી, તપગચ્છ ઉપર હેવી ॥ શ્રીવિજયસેન સૂરીશ્વર રાયા, શ્રીવિજયદેવ સૂરિ પ્રણમી પાયા, ઋષભદાસ ગુણ ગાયા ॥૪॥ઇતિ॥૭૯॥

૮૦ અથ શ્રીતીર્થમાલા સ્તવન

॥ શત્રુંજે ઋષભ સમોસરયા, ભલા ગુણ ભરયા રે ॥ સિદ્ધા સાધુ અનંત ॥ તીરથ તે નમું રે ॥ તીન કલ્યાણક તિહાં થયાં, મુક્તે ગયા રે ॥ નેમીસર ગિરનાર ॥ તી૦ ॥ ૧ ॥ અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે॥ ભરતે ભરાવ્યાં બિંબ॥તી૦॥ આબુ ચોમુખ અતિ ભલો, ત્રિભુવન તિલો રે ॥ વિમલવસહિ વસ્તુ-

પાલ ॥ તી૦ ॥ ૨ ॥ સમેતશિખર સોહામણો, રલીયામણો રે ॥ સિદ્ધા તીર્થંકર વીશ ॥ તી૦ ॥ નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયે રે ॥ સિદ્ધા શ્રીવાસુપૂજ્ય ॥ તી૦ ॥ ૩ ॥ પૂર્વ દિશે પાવાપૂરી, ઋદ્ધે ભરી રે ॥ મુક્તિ ગયા મહાવીર ॥ તી૦ ॥ જેસલમેર જુહારીયે, દુઃખ વારીયે રે ॥ અરિહંત બિંબ અનેક ॥ તી૦ ॥૪ વિકાનેરજ વંદીયે, ચિર નંદીયે રે ॥ અરિહંત દેહરાં આઠ ॥તી૦॥ સોરીસરો સંખેસરો, પંચાસરો રે ॥ ફલોધિ થંભણ પાસ ॥ તી૦ ॥ ૫ ॥ અંતરિક અજાવરો, અમીઝરો રે ॥ જીરાવલો જગનાથ ॥તી૦॥ ત્રૈલોકયદી-

૫ક દેહરો, જાત્રા કરો રે ॥ રાણપુરે
રિસહેસ ॥ તી૦ ॥ ૬ ॥ શ્રીનાડુ-
લાઇ જાદવો, ગોડી સ્તવો રે ॥ શ્રી
વરકાણો પાસ ॥ તી૦ ॥ નંદીશ્વરનાં
દેહરાં, બાવન ભલાં રે ॥ રૂચક કુંડ-
લે ચાર ચાર ॥ તી૦ ॥ ૭ ॥ શાશ્વતી
અશાશ્વતી, પ્રતિમા છતી રે ॥ સ્વર્ગ
મૃત્યુ પાતાલ ॥ તી૦ ॥ તીરથ જાત્રા
ફલ તિહાં, હોજો મુજ ઇહાં રે ॥ સ-
મયસુંદર કહે એમ ॥ તી૦ ॥ ૮ ॥ ૮૦

૮૧ અથ નવઅંગપૂજાના દોહા

॥ જલ ભરી સંપુટપત્રમાં, યુગલિ-
ક નર પૂજંત ॥ ઋષભ ચરણ અંગુ-
ઠડો, દાયક ભવજલ અંત ॥ ૧ ॥ જા-
નુબલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા

દેશ વિદેશ ॥ ખડાં ખડાં કેવલ
લહ્યું, પૂજો જાનુ નરેશ ॥ ૨ ॥ લો-
કાંતિક વચને કરી, વરસ્યા વરસી
દાન ॥ કરકાંડે પ્રભુ પૂજના, પૂજો
ભવિ બહુમાન ॥૩॥ માન ગયું દોય
અંશથી, દેખી વીર્ય અનંત ॥ ભુજા-
બલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહં-
ત ॥ ૪ ॥ સિદ્ધશિલા ગુણ ઉજલી,
લોકાંતે ભગવંત ॥ વસીયા તિણ કા-
રણ ભવિ, શિરશિખા પૂજંત ॥૫॥
તીર્થંકરપદ પુણ્યથી, તિહુઅણ જન
સેવંત ॥ ત્રિભુવન તિલક સમા પ્રભુ,
ભાલ તિલક જયવંત ॥ ૬ ॥ સોલ
પહોર પ્રભુ દેશના, કંઠવિવર વર્ત્તુલ
॥ મધુર ધ્વનિ સુર નર સુણે, તેણે

ગલે તિલક અમૂલ ॥ ૭ ॥ હૃદયક-
મલ ઉપશામ બલે, બાલ્યા રાગ ને
રોષ ॥ હિમ દહે વનખંડને, હૃદય
તિલક સંતોષ ॥ ૮ ॥ રત્નત્રયી ગુ-
ણ ઉજલી, સકલ સુગુણ વિશ્રામ
॥ નાભિકમલની પૂજના, કરતાં અ-
વિચલ ધામ ॥ ૯ ॥ ઉપદેશક નવ
તત્ત્વના, તેણે નવ અંગ જિણંદ ॥ પૂ-
જો બહુવિધ રાગથી, કહે શુભવીર
મુણીંદ ॥ ૧૦ ॥ ઇતિ ॥ ૮૧ ॥

૮૨ ॥ શ્રીગૌતમસ્વામીનું સ્તવન ॥ પ્રભાતી રાગમાં ॥

॥ સમર મન સમર મન, ઇંદ્રભૂ-
તિ સદા, પ્રહસમે નામ સૌભાગ્ય ક-
રતા ॥ સહેજ સુખસંપદા સંપજે જે-

હથી, વિપુલ મતિજ્ઞાન પરકાશ ધ-
રતા ॥ સ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ય-
જ્ઞને છોડીને માન મદ મોડીને; કરકુ-
મલ જોડી પ્રભુ પાસ આયો ॥ વેદનો
અર્થ ભાવાર્થ સહુ સાંભલી, જીવસ-
ત્તા પદે મન ઠહરાયો ॥ સ૦ ॥૨॥ ન-
ગર ગૌવરજનું સપ્તકર કનક તનુ, ચૌ-
દ વિદ્યા નિગમ વેદવેત્તા ॥ વિપ્રકુલ
અવતરયો સકલ ગુણથી ભરયો,
પંચશત શિષ્ય સંદેહ છેત્તા ॥ સ૦॥
૩॥ વિશ્વભૂતિ તનુજ નમિત સુર ન-
ર દનુજ, અગ્નિભૂતિ અનુજ શમિ-
ત કામ ॥ રૂપ નિર્જિત મદન શરદ
શશિ સમ વદન, પરમ સમતા સદ-
ન પુણ્યધામ ॥ સ૦ ॥ ૪ ॥ માત પૃ-

થિવી તનય વીર જિનકૃત વિનય, ઇં-
દ્રભૂતિ સયલ સૌખ્યદાયી ॥ કમલ-
દલ સમ વરણ વીર જિનવર ચરણ,
સેવતાં રૂદ્ધિ નવ નિધિ પાઇ ॥ સ૦
॥ ૫ ॥ પરમ મંગલ કરણ સકલ સં-
કટ હરણ, શુદ્ધ શ્રદ્ધાનધર જગત
જનથી ॥ તજી અહંકાર મમકાર
જિનવર કરે, આદરી દીખ્ખ જેણે
શુદ્ધ મનથી ॥ સ૦ ॥૬॥ વીર ત્રિપ-
દી સુણી દ્વાદશાંગી તણી, વિશદ રચ-
ના રચી ચિત્રકારી ॥ આદરે તેહ સસ-
નેહ સુવિહિત મુનિ, જે ગણાધીશ મા-
ર્ગાનુસારી ॥ સ૦ ॥ ૭ ॥ ચઢત કૈલાસ
સવિલાસ જિન સંથુણી, પન્નરસેં ત્રણ-
ને દીખ્ખ આપી॥ ખીરને વીરનું ધ્યાન

ધરતા થકા, તે થયા કેવલી કરમ કા-
પી ॥સ૦॥૮॥ ગોત્ર ગૌતમ તણે ના-
મ ગૌતમ ધર્યું,સકલ કારજ સર્યું
વીરં જપતાં॥ક્ષપક શ્રેણે ચડી કરમ
સાથે અડી, આદર્યું વીરપદ કરમ
ક્ષપતાં ॥ સ૦ ॥ ૯ ॥ તેહના નામને
જાઉં હું ભામણે, પ્રથમ ગણધરપદે
જે ગવાયો॥અમૃતપદ સંગમાં વિલસ-
જો રંગમાં, પામીયો અચલ સુખ જ-
સ સવાયો॥સ૦॥૧૦॥ ઇતિ॥૮૨॥

---

૮૩ પદ્માવતીજીવરાશિક્ષમાપન.

રાગ વેરાડી.

॥ હવે રાણી પદમાવતી, જીવરાશિ ખમાવે ॥ જાણપણું જગતે ભલું, ઇણુ વેલા આવે ॥ ૧ ॥ તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખ ॥ જે મેં જીવ વિરાધીયા, ચઉરાશી લાખ ॥ તે મુજ૦ ॥ ૨ ॥ સાત લાખ પૃથિવી તણા, સાતે અપ્કાય ॥ સાત લાખ તેઉકાયના, સાતે વલી વાય ॥ તે૦ ॥ ૩ ॥ દશ પ્રત્યેક વનસ્પતિ ચૌદહ સાધારણ ॥ બિ તિ ચઉરિંદ્રિય જીવના, બે બે લાખ વિચાર ॥ તે૦ ॥ ૪ ॥ દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી ॥ ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી ॥ તે૦ ॥ ૫ ॥ ઈણ ભવ પરભવે સેવીયાં, જે પાપ અઢાર ॥ ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિ દાતાર ॥ તે૦ ॥ ૬ ॥ હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ ॥ દોષ અદત્તા દાનના, મૈથુન ઉન્માદ ॥ ॥ તે૦ ॥ ૭ ॥ પરિગ્રહ મેલ્યો કારિમો, કીધો ક્રોધ વિશેષ ॥ માન માયા લોભ મેં કીયાં, વલી રાગ ને દ્વેષ ॥ તે૦ ॥ ૮ ॥ કલહ કરી જીવ દૂહવ્યા, દીધાં કૂડાં કલંક ॥ નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક ॥ તે૦ ॥૯॥ ચાડી કીધી ચોતરે, કીધો થાપણમોસો ॥ કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો ॥ તે૦ ॥ ૧૦ ॥ ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત ॥ ચકીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત ॥ તે૦ ॥ ૧૧ ॥ માછીગર ભવે માછલાં, ઝાલ્યાં જલવાસ ॥ ધીવર ભીલ કોલી ભવે, મૃગ પાડ્યા પાશ ॥ તે૦ ॥ ૧૨ ॥ કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર ॥ જીવ

અનેક જન્મે કીયા, કીધાં પાપ અઘોર ॥ તે૦ ॥ ૧૩ ॥ કોટવાલના ભવે મેં કીયા, આકરા કર દંડ ॥ બંદીવાન મરાવીયા, કોરડા છડી દંડ ॥ તે૦ ॥ ૧૪ ॥ પરમાધામીને ભવે, કીધાં નારકી દુઃખ ॥ છેદન ભેદન વેદના, તાડના અતિ તિખ્ખ ॥ તે૦ ॥ ૧૫ ॥ કુંભારને ભવે જે કીયા, નીમાહ પચાવ્યા ॥ તેલી ભવે તિલ પીલીયા, પાપે પેટ ભરાવ્યાં ॥ તે૦ ॥ ૧૬ ॥ હાલીને ભવે હલ ખેડીયાં, ફાડ્યાં પૃથિવી પેટ ॥ સૂડ નિદાન કીયાં ઘણાં, દીધા બલદ ચપેટ ॥ તે૦ ॥ ૧૭ ॥ માલીને ભવે રોપીયાં, નાનાવિધ વૃક્ષ ॥ મૂલ પત્ર ફલ ફૂલનાં, લાગાં પાપ તે લક્ષ ॥ તે૦ ॥ ૧૮ ॥ અધોવાઈયાને ભવે, ભરયા અધિકા ભાર ॥ પોઠી ઉંટ કીડા પડ્યા, દયા ન રહી લગાર ॥ તે૦ ॥ ૧૯ ॥ છીપાને ભવે છેતરયા, કીધા રંગણપાસ ॥ અગ્નિ આરંભ કીયા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ ॥ તે૦ ॥ ૨૦ ॥ શૂરપણે રણ ઝૂઝતાં, મારયાં માણસવૃંદ ॥ મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂલ ને કંદ ॥ તે૦ ॥ ૨૧ ॥ ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં ॥ આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં ॥ તે૦ ॥ ૨૨ ॥ અંગારકર્મ કીયાં વલી, ઘરમે દવ દીધા ॥ સુંસ કરયા વીતરાગના, કૂડા કોસજ પીધા ॥ તે૦ ॥ ૨૩ ॥ બિલ્લી ભવે ઉંદર લીયા, ગિરોલી હત્યારી ॥ મૂઢ ગમાર તણે ભવે, મેં જુ લીખ મારી ॥ તે૦ ॥ ૨૪ ॥ ભાડભૂંજા તણે ભવે, એકેંદ્રિય જીવ ॥ જવાર ચણા ગહું શેકીયાં, પાડંતા રીવ ॥ તે૦ ॥ ૨૫ ॥ ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક ॥ રાંધણ ઇંધણ અગ્નિનાં, કીયાં પાપ ઉદેક ॥ તે૦ ॥ ૨૬ ॥ વિકથા ચાર કીધી વલી, સેવ્યા પાંચ પ્રમાદ ॥ ઇષ્ટવિયોગ પાડ્યા કીયાં, રૂદન વિખ-

વાદ ॥ તે૦ ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવક તણાં, વ્રત લેઇ ભાંગ્યાં ॥ મૂલ અને ઉત્તર તણાં, મુઝ દૂષણ લાગ્યાં ॥ તે૦ ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચિતરા, શકરા ને સમલી ॥ હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબલી ॥ તે૦ ॥૨૯ ॥ સુઆવડી દૂષણ ઘણાં, વલી ગર્ભ ગલાવ્યા ॥ જીવાણી ઢોલ્યાં ઘણાં, શીલવ્રત ભંજાવ્યાં ॥ તે૦ ॥ ૩૦ ॥ ભવ અનંત ભમતાં થકા, કીધા કુટુંબ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તેહશું પ્રતિબંધ ॥ તે૦ ॥ ૩૧ ॥ ભવ અનંત ભમતાં થકા, કીધા પરિગ્રહ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તેહશું પ્રતિબંધ ॥ તે૦ ॥ ૩૨ ॥ ઇણી પરે ઇણ ભવે પરભવે, કીધાં પાપ અખત્ર ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર ॥ તે૦ ॥ ૩૩ ॥ રાગ વેરાડી જે સુણે, એ ત્રીજી ઢાલ ॥ સમયસુંદર કહે પાપથી, તે છૂટે તતકાલ ॥ તે૦ મુઝ૦ ॥ ૩૪ ॥ ઇતિ ॥ ૮૩ ॥

॥ સમાપ્ત ॥

॥ ઇતિ દેવસિય તથા રાઈ પ્રતિક્રમણાદિ મૂલસૂત્ર ॥

हिंदुस्तानी भाषानां पुस्तको.

જૈન તત્વાદર્શ ગ્રંથ મહામુનિ આત્મારામજી કૃત ૫-૦-૦
જૈન સંપ્રદાય શિક્ષા અથવા ગૃહસ્થાશ્રમ શીલ સૌભાગ્ય ભુષણમાલા.... .... ૩-૮-૦
અજ્ઞાનતિમિર ભાસ્કર ૨-૮-૦

જૈન પ્રબોધ અખુટ સ્તવનોનો સંગ્રહ અનેક બાબતો સાથે ૩-૦-૦
સઝાયમાળા ભાગ ૧ લો. અખુટ સઝાયોનો સંગ્રહ ૨-૮-૦
દેવચંદજીકૃત ચોવીશી વીશી અર્થ સાથે ૧-૮-૦
આનંદઘન ચોવીશી અર્થ સાથે ૦-૮-૦
આનંદઘનજી તથા ચિદાનંદજી કૃત બહોતેરી પદ સંગ્રહ મોટા અક્ષરમાં છાપેલ ૦-૭-૦
વૈરાગ્યોપદેશક વિવિધપદ સંગ્રહ ૦-૬-૦
મુનીશ્રી ચિદાનંદજી કૃત સ્વરોદય જ્ઞાન ૦-૫-૦
લાવણી સંગ્રહ ૦-૮-૦
જૈનસ્તોત્ર તથા સ્તવન સંગ્રહ અર્થ સહિત ૦-૬-૦
જૈનસ્તોત્ર રત્નમાળા ૦-૪-૦
નવસ્મરણ મૂળપાઠ મોટા અક્ષર ૦-૪-૦
પોષધ વીધી અનેક બાબતો સાથે ૦-૪-૦
નવપદઓળી વીધી અનેક બાબતો સાથે ૦-૪-૦
મણિભદ્રદેવ તથા પદ્માવતી દેવીઓ વગેરેના છંદનો સંગ્રહ ૦-૪-૦
શલોકાસંગ્રહ ૦-૫-૦

સનેશ્ચરની ચોપાઇ તથા કેટલાએક તીર્થંકરોના છંદ અને સાધુ શ્રાવકાદિને કાગળો લખવાની પદ્ધતી ૦-૩-૦

ભક્તામર સ્તોત્ર મૂલ, ટીકા, ભાષા, રાગમાળા તથા બાલાવબોધ સાથે	૦-૮-૦
જૈન કથા રત્નકોષ ભાગ ૧ લો	૨-૮-૦
જૈન કથા રત્નકોષ ભા૧ ૨ જો	૨-૪-૦
જૈન કથા રત્નકોષ ભાગ ૩ જો	૨-૮-૦
જૈન કથા રત્નકોષ ભાગ ૪ થો	૩-૦-૦
જૈન કથા રત્નકોષ ભાગ ૬ ઠો	૨-૮-૦
જૈન કથા રત્નકોષ ભાગ ૭ મો	૩-૪-૦
જૈન કથા રત્નકોષ ભાગ ૮ મો	૩-૦-૦
હરીભદ્રસૂરિ કૃત બત્રીસ અષ્ટક બાલાવબોધ સાથે	૧-૧૨-૦
જૈનકુમાર સંભવ મહાકાવ્ય	૧-૧૨-૦
સામુદ્રિક શાસ્ત્ર	૧-૦-૦
ભદ્રબાહુ સંહિતા	૧-૦-૦
શુકનશાસ્ત્ર	૦-૬-૦
જંબૂસ્વામી ચરિત્ર	૦-૬-૦
શ્રીચંદરાજાનો રાસ ચીત્રો સાથે	૪-૦-૦
સમરાદિત્ય કેવળીનો રાસ	૩-૮-૦
ચંદ કેવળીનો રાસ.	૨-૦-૦
ધર્મપરિક્ષાનો રાસ	૧-૮-૦
વીશસ્થાનકનો રાસ	૨-૦-૦
મહાબળ મલયાસુંદરીનો રાસ	૧-૦-૦
નર્મદા સુંદરીનો રાસ	૦-૧૨-૦
વિમલમંત્રીનો રાસ	૦-૧૦-૦
માનતુંગ માનવતીનો રાસ	૦-૮-૦

હરિચંદ રાજા અને તારામતીનો રાસ	....	૦–૫–૦
ઉત્તમકુમાર ચરિત્રનો રાસ	....	૦–૪–૦
રત્નચુડનો રાસ	....	૦–૪–૦

થોડી મહેનતે ધર્મક્રિયા.

કેમ થઇ શકે ? એવો પ્રશ્ન કેટલાકો પૂછે છે ? અર્થાત્ ઘણીવાર અમુક સ્તવન કે ચૈત્યવંદનની પુસ્તકમાં તપાસ કરતાં એટલો બધો વખત વહી જાય છે કે ઘણાઓને કંટાળો આવ્યા વિના રહેતો નથી, તેથી તેઓ થોડી મહેનતે તમામ વિધિઓ અને સ્તવનો મળી શકે, એવી તપાસ કરે છે, અમે તેમને કહીએ છીએ કે એકવાર અમારૂં

સ્તવન–સંગ્રહ.

નામનું પુસ્તક જુઓ. તમને તે પુસ્તક સવારના ધર્મકાર્યથી લઇને તે ઠેઠ રાત્રીની તમામ ધર્મ કર્તવ્યોમાં બહુ ઉપયોગી થયા વગર રહેશે નહીં. અમે ખાસ શોધી અને ચુંટી ચુંટીને આ પુસ્તકમાં સ્તવનો, ચૈત્યવંદનો પ્રકટ કર્યાં છે.

છપાય છે—જલદી નામ નોંધાવો.

લખો,

શ્રાવક ભીમસિંહ માણેક.

જૈન પુસ્તકો વેચનાર,

શાકગલી માંડવી–મુંબઇ.